# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 25-09-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી

સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

---

- ✓ જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં 11 વાગ્યા સુધીમાં 24 ટકા મતદાન
- ✓ કેન્દ્ર સરકારની મુખ્ય પહેલ મેક ઇન ઇન્ડિયાને આજે 10 વર્ષ પૂર્ણ થયા: આ પહેલ અંતર્ગત લીધેલાં પગલાંને કારણે ભારતના ઉત્પાદન ક્ષેત્રમાં ક્રાંતિ આવી..
- ✓ કેન્દ્રીય મંત્રીઓ અને NDAના નેતાઓએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમેરિકાની મુલાકાતને નોંધપાત્ર ગણાવી.
- ✓ એશિયા પાવર ઇન્ડેકસમાં જાપાનને પાછળ મૂકીને ભારત એશિયાનું ત્રીજા ક્રમનું શક્તિશાળી રાષ્ટ્ર બન્યું.
- ✓ ફૂટબોલમાં, ભુટાનમાં રમાઈ રહેલી SAFF ચેમ્પિયનશિપ અન્ડર - 17માં ભારતે માલદીવને 3-0થી હરાવ્યું

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# *J&K-SECOND PHASE POLLING*

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં 11 વાગ્યા સુધીમાં 24 ટકા મતદાન થયું છે. અમારા પ્રતિનિધિના જણાવ્યા પ્રમાણે સવારથી જ મોટી સંખ્યામાં મતદારો મત આપવા લાઇનમાં ઊભા રહી ગયા હતા.  26 બેઠકો પર મતદાન માટે ત્રણ હજાર 502 મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. જેમાંથી એક હજાર 56 શહેરી અને બે હજાર 446 ગ્રામ્ય વિસ્તારોમાં છે. વધુમાં વધુ લોકો મતદાનના અધિકારનો ઉપયોગ કરી શકે તે માટે વિસ્તૃત સલામતી વ્યવસ્થા કરવામાં આવી છે.  આશરે 25 લાખ 78 હજાર મતદારો 239 મતદારોનું ભાવિ નક્કી કરશે, જેમાં નેશનલ કોન્ફરન્સના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ તારિક હમીદ કરાહ, જમ્મુ અને કાશ્મીર ભાજપના પ્રમુખ રવિન્દર રૈના અને અપની પાર્ટીના પ્રમુખ અલ્તાફ બુખારી જેવા નેતાઓનો સમાવેશ થાય છે. રાજ્યમાં ત્રણ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. પ્રથમ તબક્કામાં આ મહિનાની 18 તારીખે 24 બેઠકો પર મતદાન થયું હતું. ત્રીજા તબક્કામાં 1 ઓક્ટોબરે 40 બેઠકો પર મતદાન થશે. 8 ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મતદારોને મતદાન કરીને લોકશાહીને મજૂબત કરવામાં પોતાની મહત્વની ભૂમિકા ભજવવા અપીલ કરી છે.

દરમિયાન, ચૂંટણીનું નિરીક્ષણ કરવા 15 દેશોનાં વરિષ્ઠ રાજદ્વારીઓનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ આજે કાશ્મીરની મુલાકાતે છે. પ્રતિનિધિમંડળમાં અમેરિકા, મેક્સિકો, ગયાના, દક્ષિણ કોરિયા, સોમાલિયા, પનામા, સિંગાપોર, નાઇજિરીયા, સ્પેન, દક્ષિણ આફ્રિકા, નોર્વે, તાન્ઝાનિયા, રવાન્ડા, અલ્જિરીયા અને ફિલિપાઇન્સનાં રાજદ્વારીનો સમાવેશ થાય છે.

## *JHARKHAND- HIMANTA AND AMIT SHAH*

ભાજપના ઝારખંડના સહ-ચૂંટણી પ્રભારી હિમંતા બિસ્વા સરમાએ જણાવ્યું હતું કે ભાજપ ઝારખંડ વિધાનસભા ચૂંટણી જનતા દળ યુનાઈટેડ JDU અને ઓલ ઝારખંડ સ્ટુડન્ટ યુનિયન AJSU સાથે લડશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સીટો પર કોઈ વિવાદ નથી. રાંચીમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી સરમાએ કહ્યું કે સાથી પક્ષો વચ્ચે સીટ વહેંચણીની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે અને ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં તેની જાહેરાત કરવામાં આવશે.

તો બીજી તરફ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે ગઇકાલે છત્રપતિ સંભાજીનગરમાં મરાઠવાડા ભાજપના પદાધિકારીઓ સાથે બેઠક યોજી આગામી વિધાનસભા ચૂંટણીની વ્યૂહરચના અંગે ચર્ચા કરી. શ્રી શાહે મરાઠવાડા ક્ષેત્રમાં 46માંથી ઓછામાં ઓછી 30 બેઠકો મેળવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.બેઠક બાદ અમિત શાહ, મુખ્યમંત્રી એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી અજિત પવાર વચ્ચે

બેઠક ફાળવણી પર ચર્ચા થઈ હતી.મુખ્યમંત્રીના જણાવ્યા અનુસાર સીટોની વહેંચણી અંગે ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

## *MAKE IN INDIA*

કેન્દ્ર સરકારની મુખ્ય પહેલ મેક ઇન ઇન્ડિયાને આજે 10 વર્ષ પૂર્ણ થયા છે. આ સમયગાળા દરમિયાન સરકારે લીધેલાં કેટલાંક પગલાંને કારણે ભારતના ઉત્પાદન ક્ષેત્રમાં ક્રાંતિ આવી છે અને આર્થિક વ્યવસ્થા પણ મજબૂત બની છે.

અમારા દિલ્હીના પ્રતિનિધી જણાવે છે કે, 25 સપ્ટેમ્બર 2014ના રોજ મોદી સરકારે રોકાણને સરળ બનાવવા, નવીનતાઓને પ્રોત્સાહન આપવા, વિશ્વ-કક્ષાની માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવા અને ભારતને ઉત્પાદન, ડિઝાઇન અને નવીનતાના હબ તરીકે સ્થાન આપવા માટે મેક ઇન ઈન્ડિયા પહેલ શરૂ કરી હતી.અવકાશથી લઈને સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સથી લઈને ઈલેક્ટ્રિક વાહનો સુધી, મેક ઈન ઈન્ડિયા વાસ્તવિકતા બની ગઈ છે.આ પહેલ બાદ ભારત વિશ્વમાં બીજા નંબરનો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક બની ગયો છે.

પાછલા દાયકામાં,ભારતે દર કલાકે એક સ્ટાર્ટઅપ શરૂ કર્યું છે, જે લગભગ 15 લાખ નોકરીઓનું સર્જન કરે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેક ઈન ઈન્ડિયા પહેલના 10 વર્ષ પૂરા થવાને બિરદાવ્યું છે.એક સોશિયલ મીડિયા પોસ્ટમાં,શ્રી મોદીએ રેખાંકિત કર્યું કે 'મેક ઇન ઇન્ડિયા' 140 કરોડ ભારતીયોના સામૂહિક સંકલ્પને કારણે

રાષ્ટ્રને ઉત્પાદકતા અને નવીનીકરણ  પાવરહાઉસમાં પરિવર્તિત કરે છે.તેમણે ઉમેર્યું હતું કે સુધારામાં ભારતની પ્રગતિ ચાલુ રહેશે અને સાથે મળીને આપણે આત્મનિર્ભર અને વિકસિત ભારતનું નિર્માણ કરીશું.

## *PM MODI US VISIT*

કેન્દ્રીય મંત્રીઓ અને NDAના વિવિધ નેતાઓએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની  અમેરિકાની મુલાકાતને નોંધપાત્ર અને નવો ચીલો ચાતરતી ગણાવી છે. ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે આ મુલાકાત શ્રી મોદીના મુત્સદ્દીગીરીના સિદ્ધાંતને વધુ મજબૂત બનાવે છે, જેણે છેલ્લા 10 વર્ષમાં ભારતનનાં સાતત્યપૂર્ણ વિકાસમાં નવા દ્રષ્ટાંત પ્રસ્થાપિત કર્યા છે અને ભારતને વૈશ્વિક સ્તરે પરિવર્તનકારી ભૂમિકા અપાવી છે. શ્રી શાહે એમ પણ કહ્યું હતું કે સફળ QUAD સમિટ, 'મોદી અને યુએસ' મેગા કોમ્યુનિટી ઇવેન્ટ અને યુએન સમિટ ઓફ ધ ફ્યુચર વિશ્વભરમાં તેમની અજોડ લોકપ્રિયતાને પ્રતિબિંબિત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રી મોદીનાં નેતૃત્વએ માત્ર એક રાષ્ટ્ર તરીકે જ નહીં પરંતુ માનવતાના ઉત્થાનમાં ભાગીદાર તરીકે ભારતની પ્રતિષ્ઠા વધારી છે.

કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જગત પ્રકાશ નડ્ડાએ કહ્યું કે પ્રધાનમંત્રી મોદીની અમેરિકાની મુલાકાત વ્યાપ અને પરિણામોની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ અને નોંધપાત્ર રહી છે. તેમણે કહ્યું કે, લગભગ 55 કલાકમાં, પીએમ મોદીએ વિવિધ વિષયોને આવરી લીધા હતા.

બિહારના મુખ્યમંત્રી અને જેડી(યુ)ના નેતા નીતીશ કુમારે કહ્યું કે બિહારના લોકો શ્રી મોદીની જાહેરાતો અને તેનાથી સર્જાયેલી નવી તકોથી ઉત્સાહિત છે. તેમણે એમ પણ કહ્યું કે બંને દેશો વચ્ચે લેવાયેલા નિર્ણયોથી અત્યાધુનિક ટેક્નોલોજીમાં રોકાણ વધશે અને વિકાસના નવા રસ્તા ખુલશે.

આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન અને TDP નેતા એન ચંદ્રબાબુ નાયડુએ જણાવ્યું હતું કે શ્રી મોદીએ રાષ્ટ્રોના સમુદાયમાં ભારતની સ્થિતિ મજબૂત કરી છે અને સમુદાયો અને દેશોને એકસાથે લાવી નિર્વિવાદપણે એક ઊંચા વિશ્વ નેતા તરીકે ઉભરી આવ્યા છે

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને શિવસેનાના નેતા એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીની અમેરિકાની મુલાકાતે ફરી એક સાબિત કરી આપ્યું છે કે શા માટે તેઓ વૈશ્વિક રાજનેતા છે.

## *AISA POWER INDEX*

ભારત એશિયાનું ત્રીજા ક્રમનું શક્તિશાળી રાષ્ટ્ર બન્યું છે. એશિયા પાવર ઇન્ડેકસમાં જાપાનને પાછળ મૂકીને ભારત ત્રીજા ક્રમે આવ્યું છે. કોવિડ મહામારી બાદ ભારતની આર્થિક વૃધ્ધિને પગલે આર્થિક ક્ષમતામાં 4.2 પોઇન્ટનો વધારો થયો છે. ધ એશિયા પાવર ઇન્ડેક્સ રિપોર્ટ 2024માં અન્ય તમામ સંસાધન માપદંડમાં ભારતે સારો દેખાવ કર્યો છે, ખાસ કરીને ભાવિ સંસાધનના માપદંડમાં 8.2 પોઇન્ટનો વધારો થયો છે.

એશિયા પાવર ઇન્ડેક્સમાં ભારતની રાજદ્વારી વગ પણ વધી છે. 2023માં ભારતની રાજદ્વારી ગતિવિધિમાં વધારો થયો હતો. ભારતે

એશિયા પાવર ઇન્ડેક્સમાં સમાવિષ્ટ દેશો સાથે વાટાઘાટ સંદર્ભમાં છઠ્ઠો ક્રમ મેળવ્યો છે.

એશિયા પાવર ઇન્ડેક્સમાં 27 દેશો અને પ્રદેશોને ક્રમ આપવામાં આવે છે.

## *SAFF INDIA MALDIVES*

ફૂટબોલમાં, SAFF ચેમ્પિયનશિપ અંડર -17માં ભારતે માલદીવને 3-0થી હરાવ્યું છે. ભૂટાનમાં રમાઇ રહેલી આ સ્પર્ધામાં ગ્રુપ Aમાં ભારત તરફથી સેમસને એક અને હેમ્નેચુંગે બે ગોલ કર્યા હતા. આ જીત સાથે ભારત ગ્રુપ Aમાં છ પોઈન્ટ સાથે ટોચ પર પહોંચી ગયું છે. ભારત આ સ્પર્ધાનું વર્તમાન ચેમ્પિયન છે અને તે પહેલાથી જ સેમી ફાઇનલમાં જગ્યા બનાવી ચૂક્યું છે

28 સપ્ટેમ્બરે સેમીફાઈનલમાં ભારતનો મુકાબલો ગ્રુપ બીમાં બીજા સ્થાને રહેલી ટીમ સાથે થશે, જ્યારે ફાઇનવલ મેચ 30મીએ રમાશે.

ઉલ્લેખનીય છે કે, ભારતે પાંચ વખત SAFF અંડર-17 ચેમ્પિયનશિપ જીતી છે.

## *BADMINTON-MACAU OPEN*

મકાઉ ઓપન બેડમિન્ટનમાં, ગાયત્રી ગોપીચંદ અને ત્રિશા જોલીની ત્રીજી ક્રમાંકિત જોડી પ્રી ક્વાટર ફાઇનલ માં પહોંચી ગઈ છે. આ જોડીએ 15માં રાઉન્ડમાં જાપાનની જોડી અકારી સાતો અને માયા તાગુચીને

હરાવીને 16મા રાઉન્ડ પહોંચી ગઈ છે. ભારતીય જોડી હવે આવતીકાલે પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં તાઇવાનની લિન ચિહ-ચુન અને ટેંગ ચુન-સુન સામે ટકરાશે.

આજે મેન્સ સિંગલ્સના 32 માં રાઉન્ડમાં , ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન,કિદામ્બી શ્રીકાંત નો મુકાબલો ઈઝરાયેલના ડુબોવેન્કા ડેનિલ સામે થશે. અન્ય મેચમાં મિથુન મંજુનાથનો મુકાબલો તાઈવાનના હુઆંગ યુ કાઈ સાથે થશે, જ્યારે સમીર વર્માનો સામનો ચીનના વાંગ ઝેંગસિંગ સાથે થશે. બાદમાં બપોરે, ચિરાગ સેન હોંગકોંગના એંગસ એનજી કા લોંગ સામે ટકરાશે. એસ. શંકર મુત્તુસામી સુબ્રમણ્યમનો મુકાબલો પક્કાપોન તિરારતસકુલ સાથે થશે.

મહિલા સિંગલ્સમાં તાન્યા હેમંતનો મુકાબલો તાઈવાનની ટિંગ યુ લિયાન સામે થશે. અનુપમા ઉપાધ્યાય જાનાની રિકો ગુંજી સામે રમશે.

મિક્સ ડબલ્સમાં એન.સિક્કી રેડ્ડી અને બી. સુમીત રેડ્ડી મલેશિયાની હો લો યી લુ અને બિંગ કુનની જોડી સાથે રમશે. જ્યારે ઋત્વિકા શિવાની અને રોહન કપૂરની જોડી થાઈલેન્ડની રુત્તનાપાક અને જેનિકાની જોડી સામે ટકરાશે.

## *SIDDHARAMAIYA*

કર્ણાટકના ગૃહમંત્રી જી. પરમેશ્વરાએ બુધવારે જણાવ્યું હતું કે MUDA કેસમાં હાઇકોર્ટના આદેશ પછી મુખ્યમંત્રી સિદ્ધારમૈયા પદ પરથી રાજીનામું

આપશે નહીં અને ચુકાદો "સંતોષકારક ન હોવાથી" કાનૂની લડત આગળ ધપાવશે.

પરમેશ્વરાએ મૈસુર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (MUDA) કૌભાંડ કેસમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે પગલાં લેવા માટે સંમતિ આપવાના રાજ્યપાલ થાવરચંદ ગેહલોતનાં નિર્ણયને વડીઅદાલતે બહાલ રાખ્યો હતો. આ અંગે ટિપ્પણી કરતા શ્રી પરમેશ્વરાએ જણાવ્યું કે, "અમને ન્યાય મળ્યો નથી અને ચુકાદો સંતોષકારક નથી,"